# જૂન 2022 પ્રાથમિક ચૂંટણી વિશે વારંવાર પૂછાતા પ્રશ્નો

## મતદાર નોંધણી

### હું મતદાન આપવા માટે કેવી રીતે નોંધણી કરાવી શકું?

- **LAVOTE.GOV** પર ઓનલાઈન મતદાન કરવા માટે નોંધણી કરવાની સૌથી સરળ પદ્ધતિ છે.
- મતદાર નોંધણીની અરજીઓ મોટાભાગની સરકારી ઇમારતો જેવી કે લાઇબ્રેરી, DMV કચેરી અને Norwalk રજીસ્ટ્રાર હેડક્વાર્ટરમાં પણ ઉપલબ્ધ છે.
- આ ચૂંટણી માટે ટપાલ દ્વારા મતપત્ર મેળવવા માટે મતદારોએ **23 મે** સુધીમાં મતદાન કરવા માટે નોંધણી કરાવવી આવશ્યક છે.

### જો હું મત આપવા માટે નોંધાયેલ છું અથવા મારી નોંધણીની સ્થિતિ કેવી રીતે તપાસી શકું?

- મતદારો તેમની નોંધણીની સ્થિતિ અને માહિતી ઓનલાઇન **LAVOTE.GOV/VRSTATUS** પર તપાસી શકે છે.

### જો હું નોંધણીની સમયમર્યાદા ચૂકી ગયો હોઉં તો પણ શું હું મત આપી શકું?

- હા. કોઈપણ લાયક મતદાર કે જે **23 મે** ની સમયમર્યાદા ચૂકી જાય છે તે હજુ પણ શરતી મતદાર નોંધણી (તે જ દિવસની નોંધણી) દ્વારા L.A. કાઉન્ટીના કોઈપણ મત કેન્દ્ર પર રૂબરૂ મતદાન કરી શકે છે.

### મારે મારી મતદાર નોંધણીની માહિતી ક્યારે અપડેટ કરવી જોઈએ?

- જો તમે સ્થળાંતર કર્યું હોય, તમારું નામ બદલ્યું હોય અથવા તમારી રાજકીય પક્ષની જોડાણ બદલવા માંગો છો.

---

## ટપાલ દ્વારા મતદાન

### મને ટપાલ દ્વારા મતદાન મતપત્ર ક્યારે પ્રાપ્ત થશે?

- **5 મે** થી શરૂ થતા તમામ નોધાયેલા મતદારોને ટપાલ દ્વારા મતપત્ર મોકલવામાં આવે છે.

### હું ટપાલ દ્વારા મતદાન મતપત્રને કેવી રીતે ટ્રેક કરી શકું?

- california.ballottrax.net. પર **મારો મતપત્ર ક્યાં છે (Where's My Ballot)** પર સબ્સ્ક્રાઇબ કરીને મતદારો તેમના મતપત્રને ટ્રેક કરી શકે છે. આ એક મફત સબ્સ્ક્રિપ્શન છે જે તમારા મતપત્રની સ્થિતિ પર ટેક્સ્ટ, ઇમેઇલ અથવા વૉઇસમેઇલ દ્વારા સ્વચાલિત સૂચનાઓ મોકલે છે.

### હું મતપત્ર ડ્રોપ બોક્સ સ્થાનોની યાદી ક્યાંથી મેળવી શકું?

- **LAVOTE.GOV** પર ઑનલાઇન.
- મતદારના રહેઠાણની નજીકના અનુકૂળ મતપત્ર ડ્રોપ બોક્સ સ્થાનોની યાદી ટપાલ દ્વારા મતદાન પેકેટમાં સામેલ છે.

### મારે પરત પરબિડીયા પર શા માટે સહી કરવાની જરૂર છે?

- રજિસ્ટ્રાર પાત્રતાની પુષ્ટિ કરવા માટે મતદારના નોંધણી રેકોર્ડ પરના હસ્તાક્ષર સાથે પરત પરબિડીયા પર સહી કરે છે.

### શું હું મારો જન્મદિવસ અથવા પરત તારીખ પરત પરબિડીયા પર મૂકું?

- મતપત્ર પરત કરવામાં આવે તે તારીખ દાખલ કરો. જો તેના બદલે કોઈ મતદાર તેમની જન્મતારીખ દાખલ કરે છે, તો પણ મતદાનની પ્રક્રિયા કરવામાં આવશે, અને એકવાર ચકાસણી થઈ જાય, પછી ચૂંટણીની રાત્રે ગણતરી કરાશે.

### મારે મારો મતપત્ર ક્યારે રજુ કરવાની જરૂર છે?

- મતદારો તેમનો મતપત્ર મેળવતાની સાથે જ પરત કરી શકે છે.
- તમામ મતપત્રો ટપાલચિહ્નિત કરેલા હોવા જોઈએ અને ચૂંટણીના દિવસ સુધીમાં પરત કરી દેવા જોઈએ.
- અમારું કાર્યાલય ચૂંટણીના દિવસે ટપાલચિહ્નિત કરાયેલ મતપત્રો સ્વીકારશે અને ચૂંટણી દિવસ પછી 7 દિવસની અંદર પ્રાપ્ત થશે.

# LOS ANGELES કાઉન્ટી
# રજિસ્ટ્રાર-રેકોર્ડર/કાઉન્ટી ક્લાર્ક

## જૂન 2022 પ્રાથમિક ચૂંટણી વિશે વારંવાર પૂછાતા પ્રશ્નો

### ટપાલ દ્વારા મતદાન

#### જો મને મતપત્ર ન મળે અથવા તેને નુકસાન થાય તો શું?

- મતદારો **LAVOTE.GOV/REPLACEBALLOT** પર બદલી મતપત્રની વિનંતી કરી શકે છે. બદલીની વિનંતી કરવાનો છેલ્લો દિવસ **31 મે** છે.
- (800) 815-2666, વિકલ્પ 2 પર કૉલ કરો અથવા તમારા આખા નામ, જન્મ તારીખ અને સરનામા સાથે votebymail@rrcc.lacounty.gov પર ઇમેઇલ કરો.

#### HOW CAN I REQUEST A VOTE BY MAIL BALLOT IN A DIFFERENT LANGUAGE?

- નમૂના મતપત્ર પુસ્તકની પાછળનું ભાષા વિનંતી ફોર્મ ભરો અને પરત કરો.
- રજિસ્ટ્રારના બહુભાષી સેવાઓ વિભાગ ને, (800) 815-2666, વિકલ્પ 3 પર કૉલ કરો.
- સમર્થિત ભાષાઓ: આર્મેનિયન, ચાઈનીઝ, ખ્મેર, ફારસી, કોરિયન, સ્પેનિશ, ટાગાલોગ, વિયેતનામીસ, હિન્દી, જાપાનીઝ, થાઈ, રશિયન, બર્મીઝ, તેલુગુ, ગુજરાતી, ઈન્ડોનેશિયન, મોંગોલિયન અને બંગાળી.

---

### વ્યક્તિગત રીતે મતદાન

#### શું હું વ્યક્તિગત રીતે મતદાન આપી શકું?

- હા. મતદારો પાસે **28 મે** થી શરૂ થતા કોઈ પણ મતદાન કેન્દ્ર પર રૂબરૂ મતદાન કરવાનો વિકલ્પ હશે.
- મતદાન કેન્દ્રો દરરોજ સવારે 10 થી સાંજના 7 વાગ્યા સુધી અને ચૂંટણીના દિવસે સવારે 7 થી સાંજના 8 વાગ્યા સુધી ખુલ્લા રહેશે.

#### હું મતદાન કેન્દ્ર કેવી રીતે શોધી શકું?

- મતદાન કેન્દ્ર એપ જોવા માટે **LOCATOR.LAVOTE.GOV** ની મુલાકાત લો.
- એપ LA કાઉન્ટીના તમામ મતદાન કેન્દ્ર સ્થાનો અને અંદાજિત રાહ જોવાનો સમય દર્શાવે છે.
- દરેક નોંધાયેલા મતદારને મેના મધ્યમાં એક અલગ ટપાલ મોકલવામાં આવશે જેમાં તેમના ઘરની નજીકના મતદાન કેન્દ્ર સ્થાનોની સૂચિ હશે.

#### હું ક્યારે વ્યક્તિગત રીતે મતદાન કરી શકું?

- મતદારો **28 મે** થી શરૂ થતા કોઈપણ મતદાન કેન્દ્રની મુલાકાત લઈ શકે છે.
- વહેલા મતદાનની તકોનો લાભ લો અને વહેલા મતદાન કરો.

#### તમે મતદાન કેન્દ્રોને કોવિડ-19 થી કેવી રીતે સુરક્ષિત રાખી રહ્યા છો?

- તમામ મતદાન કેન્દ્રો વર્તમાન જાહેર આરોગ્ય અને સુરક્ષા માર્ગદર્શિકાને અનુસરે છે.
- ચૂંટણી કાર્યકરો ચહેરા પર માસ્ક પહેરશે અને નિયમિત ધોરણે સપાટીઓ સાફ કરશે.
- મતદારોને ચહેરા પર માસ્ક પહેરવા માટે ભારપૂર્વક પ્રોત્સાહિત કરવામાં આવે છે.

#### શું મારે મતદાન કેન્દ્ર પર મત આપવા માટે ઓળખાણ આપવાની જરૂર છે?

- કેલિફોર્નિયાના કાયદામાં નોંધાયેલા મતદારોએ મતદાન કરતી વખતે ઓળખ દર્શાવવાની જરૂર નથી.
- જો કે, જો કોઈ મતદાર પ્રથમ વખત નોંધણી કરાવતો હોય, તો તેણે માન્ય સરકારી ફોટો ID અથવા સામાજિક સુરક્ષા નંબરના છેલ્લા ચાર અંકો આપવાના રહેશે.